**વડીલોને વંદન અભિનંદન**


સુરેશચંદ્ર પ્રાણશંકર ભટ્ટ (૧૯૩૮)ફોન:૨૩૨૨૬૨૫૧


કચરાભાઈ કેશવભાઈ સુથાર (૧૯૩૮)ફોન:૨૩૨૬૦૯૧૫


નારણભાઈ વરસાજી ડાભી (૧૯૨૭)ફોન:૨૩૨૩૫૮૯૪


અંબાલાલ છબાભાઈ પટેલ (૧૯૨૭)ફોન:૨૩૨૨૬૭૩૭

# મોદીએ વાજપેયીની મુલાકાત લઈને ખબર અંતર પણ પુછ્યા

## મોદીએ અડવાણી, સુષ્મા સ્વરાજ, નીતિન ગડકરી તેમજ મુરલી મનોહર જોશીની વિશેષરીતે સૌજન્ય મુલાકાત લીધી

નવી દિલ્હી, તા. ૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના નિવાસસ્થાને જઈને સાંજે તેમના સ્વાસ્થ્યના ખબરઅંતર પૂછ્યા હતા.

મુખ્યમંત્રીએ આજે બપોર બાદ એનડીએના અધ્યક્ષ અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, લોકસભા વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી અને વરિષ્ઠ અગ્રણી ડો. મુરલી મનોહર જોષીની સૌજન્ય મુલાકાતો લીધી હતી.

ભારતીય જનતા પાર્ટીના મુખ્ય કાર્યાલયમાં આજે સાંજે ગુજરાત વિજેતી અને જનનાયક તરીકે નરેન્દ્ર મોદીનું અભૂતપૂર્વ ઉત્સાહ, ઉમંગ અન ઉષ્માસભર જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. સતત ચોથીવાર ગુજરાત શાસનનો ઐતિહાસિક જનાદેશ મેળવીને મુખ્યમંત્રી બનેલા નરેન્દ્ર મોદીને દિલ્હીમાં ભાજપા મુખ્ય કાર્યાલયમાં ભાજપાના હજારો કાર્યકર્તાઓ શુભેચ્છા અને અભિવાદન માટે ઉમટ્યા હતા.

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીના પ્રમુખસ્થાને યોજાયેલો આ અભિવાદન સમારોહ કોઈ રાષ્ટ્રીય મહાનુભાવને અપાતા માન-સન્માનનો ભવ્ય કાર્યક્રમ બની ગયો હતો. ભાજપાના મુખ્યમથકે કોઈ રાજ્યના નેતાને આવું વિરલ સન્માન મળ્યું હોય તે નરેન્દ્ર મોદીની દિલ્હીમાં અભૂતપૂર્વ લોકચાહનાનું પરિચાયક છે. મુખ્યમંત્રીએ સન્માનનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ગુજરાતમાં સતત ચોથીવાર ભાજપાની સરકારનો વિજય એ લોકતંત્રની આગવી તાકાત અને ભાજપાના લક્ષ્યાવધિ કાર્યકર્તાઓના સમર્પણ અને પુરૂષાર્થની સફળતા છે. તેમણે કેન્દ્ર સરકારની વિકાસ માટેની દિશા શૂન્યતાની તુલનામાં ગુજરાત સરકારે વિકાસના જે અભૂતપૂર્વ પરિણામો હાંસલ કર્યા છે તેની રૂપરેખા પણ આપી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે તેઓ ભાજપાના લાખો કાર્યકર્તાઓ પૈકીના એક સાથીદાર છે અને તેમને જે દાયિત્વ સોંપવામાં આવ્યું છે તે માટે તેમણે પૂરી નિષ્ઠાથી કાર્ય કર્યું છે અને કરતા રહેવાના છે.


બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરની નગરપાલિકાને સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ (ગર્વમેન્ટ ઓફ ગુજરાત રાજ્ય) ગાંધીનગર ગુજરાત રાજ્ય તરફથી પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્હી દ્વારા ધુમ્રપાન મુક્ત ગ્રામ પંચાયત મ્યુ. કોર્પોરેશન અને નગરપાલિકાઓને ધુમ્રપાન મુક્ત કરાવવા બાબતે ગુજરાત રાજ્યના છ જિલ્લાઓમાંથી પાલનપુર નગરપાલિકાને પ્રથમ પુરસ્કાર માટે પસંદગી કરેલ છે. જે અન્વયે સ્ટેટ્સ પ્રોજેક્ટ, અમદાવાદ દ્વારા પાલનપુર નગરપાલિકાને પ્રથમ પૂરસ્કાર માટે સીદી સૈયદની જાળીની ટ્રોફી તેમજ રૂ. ૨૫,૦૦૦નો ચેક આપવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ગુજરાતમાં ઠંડીનું તીવ્ર મોજુ યથાવત : નલીયામાં ૮ ડિગ્રી

અમદાવાદ, તા. ૨૭

કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં હીમવર્ષા ચાલુ રહેતાં તેના પગલે આજે પણ ગુજરાતમાં તીવ્ર ઠંડીનું મોજું ચાલુ રહ્યું હતું અને તેથી જનજીવન પર વિપરીત અસર પડી છે. રાજ્યમાં સૌથી વધારે ઠંડી નલીયામાં ૮ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. અને અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ રહેશે.

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૯.૪ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૫ ટકા નોંધાયું હતું. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં હવે લોકોએ સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની શરુઆત કરી દીધી છે. ઠંડી વધતાં રાત્રે રસ્તા સૂમસામ દેખાય છે. અને ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન ભુજમાં ૧૪.૪, નલીયા ૮, કંડલા એરપોર્ટ ૧૦.૭, અમરેલી ૧૦.૬, ભાવનગર ૧૨.૨, રાજકોટ ૧૬.૧, મહુવા ૧૩.૯, ડીસા ૧૦.૭, ગાંધીનગર ૧૦, વડોદરા ૧૨.૬, વલ્લભવિદ્યાનગર ૧૨.૬, વલસાડ ૧૦, પોરબંદર ૧૫.૪, દીવ ૧૪.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

### એનડીસીની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી મોદી છવાઈ ગયા

# સ્થિર અને મજબુત વિકાસ માટે યુપીએ સરકાર પાસે નીતિ નથી

## આર્થિક મુશ્કેલીને હાથ ધરવામાં કેન્દ્ર ગંભીર નથી : યોગ્ય દિશા નહીં હોવાથી આર્થિક કટોકટી : નેશનલ કમિશન ફોર નેચરલ રિસોર્સિસની રચનાની માંગ

નવી દિલ્હી, તા. ૨૭

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર



મોદીએ આજે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે સરકાર પાસે વિકાસ માટે કોઈ યોગ્ય રૂપરેખા નથી. યોગ્ય રૂપરેખા નહીં હોવાના કારણે સ્થિર આર્થિક વિકાસદર હાંસલ કરવાની બાબત ખૂબજ મુશ્કેલ છે. પત્રકારો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યુ હતુ કે કેન્દ્રની નીતિઓમાં ગંભીરતા દેખાતી નથી. આર્થિક કટોકટીને દૂર કરવા માટે કોઈ નવા પગલા નથી. દિલ્હીમાં ૫૭મી નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સિલની મિટિંગમાં મોદીએ કહ્યુ હતુ કે દેશ સામે રહેલી આર્થિક કટોકટી દેશના માઈક્રો ઈકોનોમિક મેનેજમેન્ટમાં દિશાના અભાવને કારણે ઉભી થઈ છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં રાષ્ટ્રીય વિકાસ પરિષદની બેઠકમાં દેશમાં પ્રવર્તમાન વિકાસના અત્યંત નિરાશાજનક વાતાવરણ માટે કેન્દ્ર સરકારની વૈચારિક દારિદ્રયતાને જવાબદાર ગણાવી હતી. તેમણે જણાવ્યું કે દેશની કુદરતી સંસાધનો અને વિશાળ યુવાશક્તિને વિકાસમાં જોડવા માટે કેન્દ્ર સરકારમાં નેતૃત્વ અને નીતિઓનો અભાવ છે. વડાપ્રધાન ડો. મનમોહનસિંહના અધ્યક્ષસ્થાને મળેલી ૫૭મી રાષ્ટ્રીય વિકાસ પરિષદનો મુખ્ય એજન્ડા દેશની ૧૨મી પંચવર્ષીય યોજનાના ડ્રાફ્ટ પેપર તૈયાર કરવાનો હતો. આ સંદર્ભમાં નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકાર વિકાસ દર માટે પોલીસી ડ્રિવન ગ્રોથ (નીતિ આધારિત વિકાસને બદલે પોલીસી પેરાલિસીસ (લકવાગ્રસ્ત નીતિઓ) અને પોલીસી લોગજામ (નીતિઓની અનિર્ણાયકતા)નો ભોગ બની ગઈ છે. દેશનો વિકાસ સ્થગિત છે અને દેશમાં નેગેટીવ ગ્રોથની દિશા (નકારાત્મક વિકાસ) દેખાઈ રહી છે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રીએ ૧૨મી પંચવર્ષીય યોજનાના ૮.૨ ટકાના નિર્ધારિત વિકાસ દર હાંસલ કરવા વિશે પણ પ્રશ્નાર્થ વર્તે છે તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે ગયા વર્ષે વડાપ્રધાને આ પરિષદમાં ૯ ટકાનો વિકાસ દર પ્રાપ્ત કરવાની આશા આપી હતી પરંતુ વાસ્તવમાં ૭.૯ ટકાનો જ વિકાસ દર થયો છે એટલે કે આપણે ૧૨મી યોજનાના પાંચ વર્ષની સમયાવધિમાં એક વર્ષ પૂરું થઈ ગયું હોવા છતાં કોઈ વિકાસદરનું લક્ષ્ય પાર પાડી શક્યા નથી. અને જ્યારે ૧૨મી યોજનાના વિકાસદરનું લક્ષ્ય ૮.૨ ટકા નક્કી કર્યું છે તે દર્શાવે છે કે ૭.૯ ટકામાંથી ૮.૨ ટકા એટલે કે માત્રને માત્ર ૦.૩ ટકા વધારે વિકાસદર હાંસલ કરવાનો છે. આ જ જો આપણું વિકાસનું આયોજન હોય તો તે આ કેન્દ્ર સરકારની વિકાસની દરિદ્રતા જ પૂરવાર કરે છે. એમાં પણ કેન્દ્ર સરકાર કબૂલ કરે છે કે આ વર્ષના પ્રથમ નવ મહિનામાં તો માત્ર ૫.૫ ટકા જ વિકાસ થઈ શક્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકાર સામે પ્રશ્નો ઉઠાવતા જણાવ્યું કે સાવ ધીમા વિકાસદર અને અર્થતંત્રની નિષ્ફળતા માટે કેન્દ્ર સરકાર વૈશ્વિક અર્થવ્યવસ્થાને જવાબદાર ગણાવે છે. નરેન્દ્ર મોદીએ દેશના કુદરતી સંસાધનોના વિકાસમાં મહત્તમ ઉપયોગ માટે નેશનલ કમિશન ફોર નેચરલ રિસોર્સિઝ (કુદરતી સંસાધનો માટેનું રાષ્ટ્રીય પંચ) રચવાનું પ્રેરક સૂચન કર્યું હતું. મુખ્યમંત્રીએ ઊર્જા ક્ષેત્ર માટે પણ કેન્દ્રની અભાવગ્રસ્ત નીતિઓ અને ઉદાસિનતા સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું કે ફયુઅલ પોલીસીના અભાવે દેશના



હજારો મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા પાવર પ્રોજેક્ટ પૂરી ક્ષમતાથી કાર્યરત નથી. ગુજરાતના મુખ્યમંત્રીએ ભારતમાં યુવાનોના કૌશલ્ય સામર્થ્યને વિકસાવવાના અવસરો આપવામાં કેન્દ્રની ઉપેક્ષાને જવાબદાર ગણાવી હતી. તેમણે જણાવ્યું કે ૬૫ ટકા યુવાશક્તિ માટે સ્કીલ ડેવલપમેન્ટનું મહત્વાકાંક્ષી આયોજન કરવાને બદલે આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું પ્લાનિંગ કરવામાં બે વર્ષ વિતાવી દીધા, જ્યારે ગુજરાતે છેલ્લા બે વર્ષમાં ૩૩૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત કરીને બે લાખ યુવાનોને રોજગારી આપી. કૃષિ વિકાસ માટેની કેન્દ્રની વર્તમાન સરકારની નીતિઓની આલોચના કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે ફર્ટિલાઈઝર પોલીસી, ઈરિગેશન-વોટરમેનેજમેન્ટ, એગ્રોઈન્ફ્રાસ્ટ્રકચર, એગ્રો ટેકનોલોજી, એગ્રો વેલ્યુએડેડ ચેઈન જેવા અનેક ક્ષેત્રોમાંથી કેન્દ્રની કોઈ દિશા જ સ્પષ્ટ નથી. મોદીએ જણાવ્યું કે ગુજરાતની નર્મદા યોજના જેનો ભૂ-ભાગ પાણીની અછતવાળા રણપ્રદેશનો છે. તેને ભારત સરકારની એક્સીલરેટેડ ઈરિગેશન બેનીફીટ પ્રોગ્રામની કેન્દ્રીય સહાયના લાભથી વંચિત રાખવામાં આવે છે. જ્યારે અન્ય રાજ્યોને ખાસ કિસ્સામાં લાભ અપાય છે. ગુજરાતના સરદાર સરોવર નર્મદા ડેમની ઊંચાઈ પૂરેપૂરી લઈ જવા ડેમના દરવાજા મૂકવાની પરવાનગી પાંચ વર્ષથી અપાતી નથી પરિણામે નર્મદાનું ૭૫ ટકા પાણી સમુદ્રમાં નિરર્થક વહી જાય છે.

# રાજયમાં ૨૦૧૨ની વસતિ ગણતરી મુજબ ૧.૨૧ કરોડ મકાનોનો રહેણાંકના હેતુ માટે ઉપયોગ

અમદાવાદ, તા.૨૭

રાજયમાં બે તબક્કામાં વસતિ ગણતરી ૨૦૧૧ની કામગીરી શરુ કરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં તા.૨૧ એપ્રિલ ૨૦૧૦થી તા.૪ જૂન ૨૦૧૦ સુધી મકાનોની ગણતરી જયારે બીજા તબક્કામાં તા. ૯ ફેબ્રુઆરી થી તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૧ દરમિયાન રાજયમાં વસતિ ગણતરી હાથ ધરવામાં આવી હતી.

ગુજરાતમાં ૨૦૦૧માં ૧૨૫ લાખ મકાનો હતા જે વધીને ૨૦૧૧માં ૧૭૫ લાખ થયા છે. રાજયમાં ગ્રામિણ ક્ષેત્રોમાં ૨૩ ટકાના દરે જયારે જયારે શહરી વિસ્તારોમાં ૬૭ ટકાના દરે મકાનોની સંખ્યા વધી છે. ૨૦૦૧ના વર્ષની સરખામણીમાં રાજયમાં મકાનોની સંખ્યામાં ૪૧ ટકાની વૃધ્ધિ થઈ છે.

વર્ષ ૨૦૧૧ની ગણતરી મુજબ રાજયમાં ૧.૨૧ કરોડ મકાનોનો ઉપયોગ રહેણાંક અને આંશિક રહેણાંકના હેતુ માટે થાય છે. જે ૨૦૦૧માં ૮૪ લાખ મકાનો હતા. રાજયમાં મકાનોની છત અગાઉ વાંસ ઘાસ અને લાકડા વગેરેમાંથી બનાવવામાં આવતી હતી જેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને તેને બદલે ધાતુ, સિમેન્ટની છતોમાં ૧૨ ટકા જેટલો વધારો થયો છે. રાજયમાં ત્રણથી ચાર ઓરડાવાળા મકાનોની સંખ્યામાં વધારો થયો છે જે આવાસોની ગુણવત્તામાં થયેલ સુધારાનું સુચક છે.

વસતિ ગણતરી દરમિયાન રાજયમાં પીવાના પાણી અંગે ખૂબ જ હકારાત્મક આંકડાઓ મળ્યા છે. જે મુજબ રાજયના ૯૭ ટકા ઘરોમાં પીવાના પાણીના સ્ત્રોત તરીકે નળનો ઉપયોગ થાય છે. સમગ્ર દેશમાં ૪૩.૫ ટકા ઘરોમાં નળથી પીવાનું પાણી મળે છે. રાજયમાં ૪૦ ટકા ઘરોમાં ટ્રીટમેન્ટ કરેલું પીવાનું પાણી ઉપલબ્ધ છે જે માનવ સૂચકાંકમાં હકારાત્મક વૃધ્ધિ દર્શાવે છે.

૨૦૧૧ની ગણતરી મુજબ રાજયમાં રસોઈમાં બળતણ માટે ગાયના છાણ, લાકડુ અને કોલસા વિગેરેના ઉપયોગમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને તેના બદલે એલ.પી.જી.ના ઉપયોગમાં ૧૦ પોઈન્ટનો વધારો થયો છે. સમગ્ર દેશમાં આઠ ટકા ઘરોમાં બળતણ માટે છાણનો ઉપયોગ થાય છે જેની સરખામણીએ ગુજરાતમાં માત્ર ૨.૬ ટકા ઘરોમાં જ બળતણ તરીકે છાણનો ઉપયોગ થાય છે.

અમદાવાદ ખાતે વસતિ ગણતરી નિયામકની કચેરી દ્વારા બે દિવસીય કાર્યશાળા યોજાય છે. જેમાં નિષ્ણાતો દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

# ગીતા મંદિરના સ્વામી મંગળાનંદ બ્રહ્મલીન

અમદાવાદ, તા. ૨૭

સમર્થ ગીતામંદિરોના અધ્યક્ષ અને ભારત સાધુ સમાજના અધ્યક્ષ સ્વામીશ્રી મંગળાનંદજી મહારાજ તા. ૨૬.૧૨.૨૦૧૨ને બુધવારની મોડી રાત્રે નાગપુર મુકામે બ્રહ્મલીન થયા છે. તેમના પાર્થિવ દેહને મોડી રાત્રિ સુધીમાં અમદાવાદ ગીતામંદિર મુકામે લાવવામાં આવ્યો હતો.

સ્વામીના પાર્થિવ દેહને તા. ૨૮મીએ શુક્રવારના રોજ સવારે ૭.૦૦ થી ૯.૦૦ કલાક સુધી અમદાવાદ ગીતામંદિર ખાતે સૌ ભક્તો તથા જાહેર જનતાના દર્શનાર્થે રાખવામાં આવશે. સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન અમદાવાદ શહેરમાં ભૂતની આંબલી, રાયપુર દરવાજા, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, સારંગપુર દરવાજા સુધી અંતિમયાત્રા ફરશે. ત્યાર બાદ વડોદરા મુકામે સદગતના પાર્થિવ દેહને બપોરે ૧.૦૦ થી ૨.૦૦ કલાક સુધી સૌ ભક્તો તથા જાહેર જનતાના દર્શનાર્થે રાખવામાં આવશે. સ્વર્ગસ્થ મંગળાનંદજી મહારાજના પાર્થિવ દેહને ચાણોદ, કરનાળી મુકામે મોરલી સંગમ ઘાટ ખાતે જળસમાધિ આપવામાં આવશે.

# હિંમતનગરમાં ઘર આંગણે પાર્ક કરેલ બાઈકની ચોરી

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં આવેલ આકાશગંગા કોમ્પ્લેક્ષ ખાતે પાર્ક કરેલ બાઈક કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયું હોવાની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મેહુલ વસંતભાઈ પટેલ તા.૨૧મીને બપોરના સુમારે હિંમતનગર ખાતે આવેલા આકાશગંગા કોમ્પ્લેક્ષ આગળ બાઈક પાર્ક કરીને કામ અર્થે કોમ્પ્લેક્ષમાં ગયા હતા. કામ પતાવીને પાછા આવીને જોયું તો બાઈક સ્થળ પર ન હતું. વસંતભાઈનું હીરો હોન્ડા બાઈક નં. જીજે.-૯-એએન. ૮૩૨૮ કિ. રૂ. ૨૦,૦૦૦ કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે નોંધાવતા એ.એસ.આઈ. હીરાભાઈ માનાભાઈએ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## શબ્દાવલી - ૪૯૩૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | |
| ૮ | ૯ | | ■ | ૧૦ | ૧૧ | ■ | |
| ■ | | ■ | ૧૨ | | | ■ | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | ■ | ■ | ■ | ૧૫ |
| ■ | ■ | ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | ■ |

**આડી ચાવી**

૧. પરિણામ, અંત (૩)
૩. વપરાશ ના થતો હોય તેવી જગ્યા (૪)
૬. હીરા, કિંમતી વસ્તુ (૩)
૭. મીણવતી (૨)
૮. લીંબોળી જેવું ફળ છે તે વૃક્ષ (૩)
૧૦. સોગન, કસમ (૨)
૧૨. સોનુ, હેમ (૩)
૧૩. ગરમ વાસણને ઉપાડવા વપરાતું રસોઈનું સાધન (૩)
૧૬. કેળવણી (૩)
૧૮. મહાત્મા - સાધુ (૨)
૧૯. એક પણ શબ્દના ભાવમાં (૩)
૨૧. જબરાઈ, ગુંડાગીરી (૪)
૨૩. કાદવમાં થતું એક ફૂલ (૩)
૨૪. ખેલ, રમવું તે (૩)

**ઊભી ચાવી**

૧. ખોબો, પોશ (૩)
૨. પેટમાં ચુંક આવી ડાયેરીયા થાય તે (૩)
૩. ઉપવાસ (૪)
૪. તાબે કરવું, ... કરવું (૨)
૫. હાથમાં રખાતો કાપડનો ટૂકડો (૩)
૯. સ્મશાન, મહાણ (૩)
૧૧. ખ, જ અક્ષર આવે તે રાશિ (૩)
૧૪. એક ખુબ બીયાવાળું ફળ (૪)
૧૫. ચોખામાં પડતી જીવાત (૩)
૧૭. આધાર (૩)
૧૮. ગીત... વગર અધુરૂ લાગે (૩)
૧૯. અધિકાર (૨)
૨૦. દારૂની એક જાત (૨)
૨૨. કિંમત, ભાવ (૨)

**શબ્દાવલી ૪૯૩૩ના જવાબ**

**આડી ચાવી :-** (૧) અલાઈદુ (૫) લાગવગ (૬) લાપસી (૯) કરતાલ (૧૦) વલુર (૧૩) જવ (૧૫) કલગી (૧૭) તસુ (૧૯) વાતડ (૨૦૦ હાલમા (૨૨) ચોર (૨૩) સગપણ

**ઊભી ચાવી :-** (૧) નાલાયક (૨) અવઢવ (૩) લાગ (૪) દુલાર (૭) પતાસા (૮) સીલ (૯) કરવત (૧૧) લુજ (૧૨) તલવાર (૧૪) પરમાણ (૧૬) ગીત (૧૮) સુહાગ (૨૧) લપ

## કંપની સમાચાર

### બ્રિટાનિયા રજૂ કરે છે, મસાલા છાસ

**જીરૂં, કડી પત્તી અને આંદુ જેવી નૈસર્ગિક સામગ્રીઓના ઉમેરા સાથે સ્વાદિષ્ટ, હલકું, દૂધ આધારિત પીણું**

બિસ્કિટ્સ, બેકરી અને ડેરી શ્રેણીમાં પ્રૉડક્ટોના વૈવિધ્યપૂર્ણ પૉર્ટફોલિયો સાથે ભારતની અત્યંત વિશ્વાસુ ફૂડ બ્રાન્ડ્સમાંથી એક બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિ. એ હલકું દૂધ આધારિત પીણું મસાલા છાસ રજૂ કરી છે.

ઘર જેવી છાસનો અનુભવ કરાવવા માટે બ્રિટાનિયા મસાલા છાસમાં જીરૂં, કડી પત્તી અને આદું જેવી નૈસર્ગિક સામગ્રીઓ ઉમેરવામાં આવી છે. આને કારણે આ છાસમાં અસલ ઘર જેવો જ સ્વાદ અને અહેસાસ મળશે. ઠંડી ઠંડી પીવાથી તમને ખરેખર કૂલ અહેસાસ આપીને રહેશે.

આ રજૂઆત વિશે બોલતાં બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ લિ. ના ડેરી વેપારના પ્રમુખ અશોક નામ્બુદિરીએ જણાવ્યું હતું કે છાસ ભારતીય ભોજનનું મહત્ત્વપૂર્ણ અંગ છે અને છાસના ગ્લાસ વિના કોઈ ભોજન પૂર્ણ થતું નથી. પેકેજડ છાસ સુવિધા, એકધાર્યા સ્વાદ અને નવા યુગની જીવનશૈલીથી પ્રેરિત સૌથી ઝડપથી વૃધ્ધિ પામતી શ્રેણી તરીકે ઊભરી આવી છે.

# સ્વાગત ઓનલાઈન જનફરિયાદ કાર્યક્રમ શનિવારે યોજાશે

રાજ્યના સામાન્ય પ્રજાજન-આમ આદમીની સમસ્યાના સુચારૂ નિવારણ માટે યોજાતો મુખ્યમંત્રીશ્રી પ્રેરિત સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ આગામી શનિવાર તા.૨૯ ડિસેમ્બર-૨૦૧૨ના બપોરે ૩ કલાકે યોજાશે.

## મહત્વની રસી અપાશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જાન્યુઆરીથી આરંભાઈ રહેલ આ રસીકરણ અભિયાન અંગે તાલિમ તમામ મેડીકલ ઓફિસરોને આપી દેવામાં આવી છે.

આ અભિયાનની સાથે સાથે જિલ્લામાં ૨૦મી જાન્યુઆરીના રોજ પલ્સ પોલિયો અભિયાન પણ યોજવામાં આવનાર છે. જાન્યુઆરી અને ફેબ્રુઆરી એમ બે તબક્કામાં યોજાનાર પલ્સ પોલિયો અભિયાન અંગે હાલ માઈક્રો પ્લાનિંગ ચાલી રહ્યું છે.

પલ્સ પોલિયો અભિયાન સફળ બને તે માટે ખાસ મોનીટરીંગ સેલ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે રચવામાં આવશે. આ ઉપરાંત આ માટે જિલ્લાના અધિકારીઓને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવશે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન માટે ૫૦૦થી પણ વધુ બુથ જિલ્લા ભરમાં ઉભા કરવામાં આવશે તેમજ શહેર અને જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓને પણ આ અભિયાનમાં સાથે જોડી એક લોક જાગૃતિ અભિયાન તંત્ર દ્વારા છેડવામાં આવશે.

આમ જાન્યુઆરી માસ દરમિયાન શાળા આરોગ્ય ચકાસણી, પલ્સ પોલિયો અભિયાન અને પેન્ટાવેલેન રસી દ્વારા આવતીકાલને વધુ સુરક્ષિત બનાવવાનું અભિયાન આરોગ્ય તંત્ર દ્વારા છેડવામાં આવશે. શાળા આરોગ્ય ચકાસણી અભિયાનનો આરંભ થઈ ચુકયો છે ત્યારે આ બે રસીકરણ ઝુંબેશનું અભિયાન ૧લી જાન્યુઆરીથી હાથ ધરાશે.

## ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન ધરાવનાર તથા પોતાની સંસ્થાનું ગુમાસ્તા ધારાનું રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રક મેળવવા માટે અત્રેની કચેરીમાં રૂ. ૨૦૦/-ની રકમના ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ સાથેની અરજી કરેથી તા. ૫-૧-૨૦૧૩ (૧૮-૦૦ કલાક) સુધીમાં ભાવપત્રક આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૧-૧-૨૦૧૩ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. કવર પર 'ઝેરોક્ષ/બાઈન્ડીંગના ભાવ' એમ અવશ્ય લખવું. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૫-૧-૨૦૧૩ના રોજ ૧૨-૩૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

| કામનું નામ |
|---|
| જી.એસ.આર.ડી.સી. ગાંધીનગરની કચેરી ખાતે બ્લેક એન્ડ વ્હાઈટ / કલર ઝેરોક્ષ, કલર લેઝર પ્રીન્ટ, બાઈન્ડીંગની કામગીરી માટે વાર્ષિક ભાવ મંગાવવા બાબત. |

જનરલ મેનેજર (પ્રોજેક્ટ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫. www.gsrdc.com
માહિતી/૧૮૩૮/૧૨-૧૩

## ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરીને ૨૪ કલાક માટે સીક્યુરીટી જવાન પુરા પાડવા માટે નોંધાયેલ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

ઉપરોક્ત કામગીરી માટે ટેન્ડર ફોર્મના રૂ. ૧૦૦/- રોકડમાં ભર્યેથી કમિશનની કચેરીના સમય દરમિયાન તા. ૧૦-૧-૨૦૧૩ સુધીમાં મળી શકશે.

**ગુજરાત ગુજરાત ઈકોલોજી કમિશન**
**બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન**
**સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧**
માહિતી/૧૮૪૬/૧૨-૧૩

## ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર દ્વારા નીચે પ્રમાણેની કામગીરી માટે ટેન્ડરથી સીલબંધ ઓફર મંગાવવામાં આવે છે.

**૧) પ્રીન્ટરની ટોનર રીફીલ/રીસાઈકલ, નવી ખરીદ કરવા**
**૨) કલર પ્રીન્ટ, બ્લેક પ્રીન્ટ, ઝેરોક્ષ, સ્પાઈરલ બાઈન્ડીંગ વગેરે**

ઉપરોક્ત કામગીરીના પ્રત્યેક ટેન્ડર ફોર્મના રૂ. ૧૦૦/- રોકડમાં ભર્યેથી કમિશનની કચેરીના સમય દરમિયાન તા. ૧૦-૧-૨૦૧૩ સુધીમાં મળી શકશે.

**ગુજરાત ગુજરાત ઈકોલોજી કમિશન**
**બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન**
**સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧**
માહિતી/૧૮૪૬/૧૨-૧૩